ચોરીના મોટરસાયકલ સાથે બે ઈસમોને ઝડપી ૧૩ મોટરસાયકલ ચોરીઓના ભેદ ઉકેલતી અંબાજી પોલીસ

પાલનપુર, તા. ૨૧

નીરજકુમાર બડગૂજર પોલીસ અધિક્ષક, બનાસકાંઠા, પાલનપુર નાઓએ અંબાજી ટાઉનમાં બનતી

વાહન ચોરીઓ અટકાવવા સુચના કરતાં ના.પો.અધિ. પાલનપુર વિભાગ પાલનપુરનાઓના માર્ગદર્શન હેઠળ પી.એસ. ગોસ્વામી પોલીસ ઈન્સ. અંબાજી તથા સ્ટાફના ત્રિકમલાલ, નારણભાઈ, ધર્માભાઈ, પરબતજી, શંકરલાલ, હિતેન્દ્રકુમાર, અશોકભાઈ, વાલાભાઈ, પુંજાભાઈ, મોતીભાઈ, દિનેશભાઈ, નાથુભાઈ, રમેશભાઈ, પ્રકાશભાઈ, અજયકુમાર વિગેરે સ્ટાફના માણસો સાથે અંબાજી ખોડીવડલી સર્કલ પાસે વાહન ચેકીંગમાં હતા દરમ્યાન બે ઈસમો મનીષ પ્રભુજી પ્રજાપતિ રહે. અંબાજી શક્તિધારા સોસાયટી તથા મોહિલ મુકેશભાઈ પટેલ રહે. અંબાજી જુની કોટેજ હોસ્પિટલ સામે વાળાઓ અલગ અલગ મોટરસાયકલ સાથે આવતા જેઓને રોકાવી સાધનીક કાગળો માંગતા બન્ને પાસે ન હોય અને તેમની વર્તણુંક શંકાસ્પદ જણાતા માલિક અંગે પુછતા કોઈ સંતોષકારક જવાબ ન આપતા ગલ્લા તલ્લા કરતા હોવાથી એકલવ્ય સોફ્ટવેરની મદદથી તપાસતા લગાવેલ બન્ને નંબર પ્લેટો ખોટી હોવાનું જણાતા જેઓની સઘન પુછપરછ કરતા તેમણે બાઈકો ચોરી કરેલ હોય તથા બીજી ચોરીઓ કરેલ હોય તેમજ ચોરીઓ કરવામાં તેમને મદદગારી કરેલ ઈસમો તથા ચોરીના બાઈકો વેચેલ ઈસમોના નામઠામ વિગતે જણાવેલ છે. મનીષ પ્રભુજી પ્રજાપતિ રહે. અંબાજી શક્તિધારા સોસાયટી તા. દાતા, મોહીલ મુકેશભાઈ પટેલ રહે. જુની કોટેજ હોસ્પિટલ સામે અંબાજી તા.દાતા. ઉપરોક્ત બન્ને ઈસમો પાસેથી કબજે કરેલ મોટરસાયકલ મળી છ કિ. રૂ. ૧૮૫૦૦૦ નો મુદ્દામાલ રીકવર કરેલ છે. જે અલગ અલગ જગ્યાએથી ચોરીઓ કરેલ હોય જેઓને આજરોજ અંબાજી મુકામે અટક કરવામાં આવેલ છે અને

સીઆરપીસી ક. ૧૦૨ મુજબ મુદ્દામાલ કબજે લીધેલ છે.

આમ પકડાયેલ ઈસમ મનીષ રાજસ્થાનના નાગોર જિલ્લાનો મુળ વતની છે. અને હાલમાં અંબાજીમાં રહે છે. ચોરીઓ કરવાનું કારણ પોતાના મોજશોખ પુરા કરવા માટે હતુ અને તે અંબાજી બહારથી મોટરસાયકલો ચોરી કરી તેની બીજી ખોટી નંબર પ્લેટો લગાવી મિત્રો તથા પોતે ફેરવતા અને સાવ નજીવી કિંમતે વેચી મારી પોતાનો મોજશોખ પુરો કરતા તથા મોહીલ પોતે અમદાવાદમાં પ્રાઈવેટ કંપનીમાં ઈન્ટરવ્યુ આપેલુ અને તેમાં ફેલ થતા શાહપુરમાં એક એમ.પી. બાજુનો ગેરેજવાળો વાઘે નામના ઈસમની સંગતમાં આવતા પોતે તથા વાઘે ભેગા મળી ચોરી કરી ખોટી નંબર પ્લેટો લગાવી ખુબજ નજીવી કિંમતે વેચી મારતા હતા. જે ઈસમો પૈકી બીજા નિર્મલ ડાહ્યાલાલ પરમાર રહે. અંબાજી આઠ નંબર તા. દાંતા તથા મેહુલ ઉર્ફે રોબર્ટ મંગળાજી બારોટ રહે. અંબાજી સ્વર્ગારોહણ પાછળ તથા શેતાનસિંગ ઉર્ફે સેતુ બંસીલાલ રાજપુત રહે. અંબાજી આઠ નંબર તા. દાંતા તથા શક્તિસિંહ પ્રતાપસિંહ રાજપુત રહે. અંબાજી ચડોતરવાળી ધર્મશાળા પાસે તા. દાંતા વાળાઓ તથા વાઘે નામનો ઈસમ એમ.પી.નો જે હાલમાં અમદાવાદ શાહપુરમાં રહે છે. આમ એકબીજાના મેળાપીપણામાં ચોરીઓ કરી નજીવી કિંમતે વેચી મારી મદદગારી કરી ગુન્હો કરેલ હોય તમામ ઈસમો વિરૂદ્ધ તપાસ હાથ ધરવામાં આવેલ છે. અને બાકી રહેલ ઈસમો મળી આવ્યેથી વધુ બાઈક ચોરીનો ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ છે.

પાકિસ્તાન પ્રેરીત થતા આતંકી હૂમલાઓનો જડબાતોડ જવાબ આપો

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના માળવાપરા ખાતે આવેલ શ્રી ત્રીકમગીરી મહારાજના સ્થાનક દૂધેશ્વર મહાદેવના પટાંગણમાં શ્રી બનાસ ષડ દર્શન વિરક્ત સંત સેવા મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ. મંડળના અધ્યક્ષ પ.પૂ. મહંતશ્રી હરદેવપુરીજી મહારાજના અધ્યક્ષસ્થાને આ સભા યોજાઈ હતી. મંડળની વાર્ષિક કાર્યવાહી અને મંડળના બ્રહ્મલીન

સંતોને શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ. વિશેષ તાજેતરમાં ૧૮-૯-૨૦૧૬ની સવારે કાશ્મીરના ઉરી ખાતે કાયરતાપૂર્વક આતંકી હૂમલામાં ૧૮ જવાનો દેશની રક્ષા કરતા કરતા શહીદોને વર્યા. આ કૃત્યની ઘોર નિંદા કરી આ સાધારણ સભાએ આક્રોશ સાથે વખોડી કાઢ્યા હતા.

આજે પાલનપુર ખાતે પત્રકાર સાથે વાતચીત દરમિયાન મંડળના મહામંત્રી અને હાથીદરા હરગંગેશ્વર મહાદેવ સંસ્થાનના મહંત પ.પૂ. શ્રી દયાલપુરીજી મહારાજ તથા મંડળના પ્રવક્તા શ્રી સ્વામી આનંદ રાજેન્દ્રએ જણાવેલ છે કે અમારા મંડળની સાધારણ સભામાં સર્વાનુમતે ઠરાવ્યા મુજબ અમે આ જઘન્ય કૃત્યને શાબ્દીક વખોડી કાઢી બેસી રહેવા માંગતા નથી. દેશની રક્ષા કાજે સરહદ ઉપર પ્રાણોની આહુતિ આપનાર સૈનિકો સાથે અમે ખભે ખભો મિલાવી ધર્મ, સંસ્કૃતિ અને ભારત માતાની રક્ષા કાજે હથિયાર ધારણ કરી આતંકી દેશ પાકિસ્તાન સામે યુદ્ધે ચડવા તૈયાર છીએ. અમે સાધુ-સંતો દેશનું અને સમાજનું જે અન્ન ખાઈએ છીએ તેનું ઋણ અદા કરવા પણ તૈયાર છીએ. વધુમાં જણાવતા તેઓશ્રીએ કહેલ કે ભારતની અને ગુજરાતની સરકારને અમો અનુરોધ કરીએ છીએ કે દેશમાં વારંવાર બનતા આ પ્રકારના ખાસ કરીને લશ્કરના જવાનોને ટાર્ગેટ બનાવી કરવામાં આવતા આતંકી હૂમલાઓનો ખુબ ઝડપથી જડબાતોડ જવાબ આપવો જોઈએ.

આજની અમારી વાર્ષિક સાધારણ સભાએ સભાનતાપૂર્વક, જુસ્સાભેર અને આક્રોસ સાથે સરકાર, લશ્કર અને દેશવાસીઓ સાથે અણે પણ સૌ સાધુ સંતો માતૃભૂમિ કાજે જે બલિદાન આપવુ પડે તે આપવા હસતા હસતા તૈયાર છીએ.

મોડાસાના દાવલ પાસે અકસ્માતગ્રસ્ત કારમાંથી વિદેશી દારૂ પકડાયો

મોડાસા, તા. ૨૧

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા મોડાસા તાલુકાના દાવલી ગામ નજીક રાજસ્થાન તરફથી આવતી મારૂતી

એસકોસ કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા ડીવાઈડર સાથે અથડાતા કાર ફસકી જતા કારમાં વિદેશી દારૂ ભરેલો હોવાથી કારચાલક અને તેની બાજુમાં બેઠેલો શખ્સ ફરાર થઈ જતા અકસ્માતના ઘટનાને પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે કારમાંથી ૭૯૨૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી કારચાલક તેમજ અન્ય શખ્સ વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના દાવલી નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ મોડાસા રૂરલ પોલીસ દ્વારા હાથ ધરાતા બુધવારે બપોરે ૨ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી મારૂતી એસકોસ જેટા (ગાડી નં. આરજે.૨૭. સીઈ.૯૬૩૪)નો ચાલક પોલીસની સઘન તપાસ જોતા ગભરાઈ ઉઠ્યો હતો અને સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા કાર નેશનલ હાઈવે નં. ૮ પર રહેલા ડીવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાતા કારચાલક તેમજ અન્ય શખ્સ કાર ઘટનાસ્થળે મુકી ફરાર થઈ ગયા હતા.

અકસ્માતના પગલે દોડી ગયેલી પોલીસે કારમાં તલાશી હાથ ધરતા કારમાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂ ઈવનીંગ સ્પેશ્યલ પ્રીમીયમ વ્હીસ્કી કાચની બોટલ ૭૫૦ એમએલ નંગ ૧૫૬ કિંમત રૂ. ૬૨૪૦૦ તથા બીયરના ટીન નંગ ૧૬૮ કિંમત રૂ. ૧૬,૮૦૦ મળી કુલ કિંમત રૂ. ૭૯,૨૦૦ તથા એસકોસ જેટા કારની કિંમત રૂ. ૫,૦૦૦૦૦ મળી કુલ રૂ. ૫,૭૯,૨૦૦ મળી કુલ કિંમત રૂ. ૭૯,૨૦૦ તથા એસકોસ જેટા કારની કિંમત રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૫,૭૯,૨૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી કારચાલક સહિત ફરાર અન્ય શખ્સ વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બન્ને શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જિલ્લાની શાળાઓમાં અને આંગણવાડીઓમાં કૃમિનાશક દવાનું વિતરણ કરાયું

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં ૧૪ સપ્ટેમ્બર કૃમિનાશક દિવસની ઉજવણીના ભાગરૂપે જિલ્લાની શાળાઓ તેમજ આંગણવાડી કેન્દ્રોમાં કૃમિનાશક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના બાળકોમાં કૃમિ દુર થાય અને બાળકો કૃમિનો ભોગ ન બને તે માટે કૃમિનાશક દિનના દિવસે વિવિધ કેન્દ્રો પર કૃમિનાશક દવાની ગોળીઓ આપવામાં આવી હતી. કૃમિની ઉણપના લીધે બાળકોમાં લોહીની ઉણપ જણાતી હોય છે જેના લીધે બાળકો થાકનો અનુભવ કરે છે. આ ઉપરાંત બાળકોનો માનસિક વિકાસ પણ સંપુર્ણપણે થતો નથી અને ચહેરા પર સફેદ જેવા ડાઘ ઉપસી આવે છે. કૃમિની સમયસર સારવાર કરવામાં ન આવે તો તેમાંથી અન્ય રોગો પણ થવાની શક્યતાઓ રહેલી છે જેના લીધે જિલ્લા આરોગ્ય તંત્રએ કૃમિનાશક દિવસની ઉજવણી નિમિત્તે જિલ્લાની શાળાઓમાં તેમજ આંગણવાડીઓમાં બાળકોમાં કૃમિ દૂર થાય એ હેતુથી કૃમિની ગોળીઓ આપવામાં આવી હતી. કૃમિના લીધે બાળકનો શારિરીક અને માનસિક વિકાસ અટકી જાય છે.

બનાસડેરી દ્વારા બનાસ દાણના ભાવમાં પ્રતિ બોરી રૂ. ૫૦નો ઘટાડો

પાલનપુર, તા. ૨૧

બનાસડેરી દૂધ ઉત્પાદકોને નહીં નફઓ નહીં નુકસાનના ધોરણે બનાસ દાણ પુરૂ પાડે છે. અને તદ્નુસાર દાણના ભાવોની સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના નેતૃત્વમાં દૂધ ઉત્પાદકોના હિતોની જાળવણી માટે દાણ માટેના કાચા માલની ખરીદીમાં સ્વચ્છ પારદર્શક તંત્ર કાર્યરત કરવામાં આવેલ છે. દરેક વસ્તુની ખરીદીમાં ચોક્કસ નીતિ નિયમોને અનુસરવામાં આવે છે. તેથી બજારના ચઢાવ ઉતારની અવળી અસરોને આંશિક રીતે રોકી શકાઈ છે.

આ ઉપરાંત દાણના ઉત્પાદન એકમોને પણ પૂરી કાર્યક્ષમતા અને કરકસરથી ચલાવવામાં આવે છે, જેથી કરીને દાણના ભાવોને કાબૂમાં રાખી શકાય છે. હાલમાં દાણના કાચા માલના ભાવોમાં અનુકૂળતાની શરૂઆત થતાની સાથે જ કાચા માલના ભાવમાં થયેલ આંશિક ઘટાડાને બનાસ દાણના ભાવમાં ઘટાડા રૂપ ત્વરિત રીતે દૂધ ઉત્પાદકો સુધી પહોંચતો કરવામાં આવેલ છે.

તે પ્રમાણે તા. ૧૮-૯-૨૦૧૬થી બનાસ ડેરી દ્વારા દાણના ભાવમાં પ્રતિ બોરી રૂ. ૫૦નો ઘટાડો કરવામાં આવેલ છે, તેથી બનાસ દાણની બોરી રૂ. ૧૩૫૦ને બદલે રૂ. ૧૩૦૦માં મળશે.

આમ થતાં દૂધ ઉત્પાદકોમાં આનંદની લાગણી પ્રસરવા સાથે બનાસ ડેરીના નેતૃત્વમાં વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

હિંમતનગરના મોતીપુરા સર્કલથી એલસીબીએ દેશી તમંચા અને કારતુસ સાથે એકને ઝડપ્યો

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લા એલસીબીએ મંગળવારે રાત્રે હિંમતનગર શહેરના મોતીપુરા સર્કલ

પાસેથી બાતમી આધારે લુણાવાડાના ઈસમને દેશી તમંચા અને કારતુસ સાથે એકને ઝડપી લીધો હતો અને તેના વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે જિલ્લા પોલીસ વડા પ્રવીણ માલની સુચનાથી એલસીબી પીઆઈ એસ.ડી. પટેલ, પીએસઆઈ ડી.ડી. પરમાર અને સ્ટાફ મંગળવારે પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલ બાતમી આધારે એક ચાલીસ વર્ષનો ઈસમ જેના હાથમાં કાળા કલરનો થેલો છે જેમાં એક તમંચો છે જે ખાનગી વાહનમાં અમદાવાદથી હિંમતનગર તરફ આવી રહ્યો છે અને મોતીપુરા સર્કલે ઉતરવાનો છે જેથી તે વર્ણનવાળો ઈસમ મોતીપુરા પીકઅપ સ્ટેન્ડ પર ખાનગી વાહનમાં ઉતરી જતો હતો તેનો પીછો કર્યો હતો અને આગળ જઈ તેને કોર્ડન કરી ઊભો રાખી તેનું નામ પૂછતા રમેશભાઈ ગલાભાઈ માલીવાડ રહે. બુચાવાડ, તા. કડાણા, જિ. મહીસાગરનો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેની પાસેના થેલામાં તપાસ કરતા દેશી બનાવટનો એક તમંચો કિ. રૂ. ૫ હજાર તથા બે જીવીત કારતુસ રૂ. ૨૦૦નો અને એક મોબાઈલ કિં. રૂ. ૫૦૦નો મળી આવ્યો હતો. જેથી મુદ્દામાલ કબજે કરી તેના વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસમથકે રમેશભાઈ ગલાભાઈ માલીવાડ વિરૂદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ અરવલ્લી જિલ્લા દ્વારા ઉરી આતંકવાદી હૂમલામાં ૧૮ શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ આપી

ભારતમાતાની રક્ષા કાજે સદાય તત્પર રહેલા ભારતીય જવાનોના બેઝકેમ્પ ઉરી પર હૂમલો કરી પાકિસ્તાને જે કૃત્ય કર્યું છે તેનો ચોમેર વિરોધ ભારે આક્રોશ સાથે થઈ રહ્યો છે. આ વિરોધ પ્રદર્શન અને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ વિશ્વ હિન્દુ પરિષદ અરવલ્લી જિલ્લા દ્વારા મોડાસા શહેરમાં પાકિસ્તાની આતંકવાદી પ્રવૃત્તિને વખોડતા તેમજ નાપાક કૃત્ય સામે જોરદાર વિરોધ દર્શાવી પાકિસ્તાન સામે સૂત્રોચ્ચાર પોકારી, વિર જવાન શહીદ અમર રહોના નારા સાથે ચાર રસ્તાથી વી.એચ.પી. કાર્યાલય સુધી રેલી કાઢી, મૃતક જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જિલ્લા આયોજન સમિતિ મહેસાણાની રચના માટે ચૂંટણી યોજાશે

જિલ્લા આયોજન સમિતિ મહેસાણાની રચના કરવા માટે જિલ્લા પંચાયત મહેસાણાના ચુંટાયેલા સભ્યોમાંથી ૧૫ સભ્યોની તથા જિલ્લાની તમામ પાલિકાઓના ચૂંટાયેલા સભ્યોમાંથી પાંચ સભ્યો મળીને ૨૦ સભ્યોની ચૂંટણી યોજવાની છે. ઉમેદવારી પત્રો ઉમેદવાર અથવા તેની દરખાસ્ત મુકનાર મારફત ચૂંટણી નોટીસ પ્રસિધ્ધ થયેથી ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારીને જિલ્લા આયોજન કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ મહેસાણા ખાતે જાહેર રજાના દિવસ સિવાય ૩૦ સપ્ટેમ્બરથી મોડું નહી તે રીતે સવારના ૧૧ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી પહોંચાડી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી જિલ્લા આયોજન કચેરી મહેસાણા ખાતે ૦૧ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કરવામા આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની નોટીસ કોઈ ઉમેદવાર અથવા તેમના નામની દરખાસ્ત કરનાર કે જેને ઉમેદવારે લેખિતમાં અધિકૃત કરેલ છે તે ઉપરોક્ત પારા ૨ મા નિર્દીષ્ટ કરેલ બે અધિ.ઓ પૈકી કોઈ પણ અધિકારીને જિલ્લા આયોજન કચેરીમાં ૦૪ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ કચેરી સમય દરમિયાન ૧૫-૦૦ કલાક સુધીમાં રજુ કરી શકશે. ચૂંટણી કરવાની થાય તો મતદાન ૧૫ ઓક્ટોબર-૧૬ના રોજ સવારે ૧૧ કલાકથી ૧૬ કલાક સુધીમાં યોજવામા આવશે.

મહેસાણા જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી યોજવા માટેનો તબક્કા વાર કાર્યક્રમ ગુજરાત સરકારના સમાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના તારીખ ૨૨-૦૧-૨૦૧૬ના નોટીફીકેશનથી પ્રસિધ્ધ કરવામાં આવેલ DPC Rules-2016 નિયમ-૪ મુજબ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ નિયમ-૧૨ અન્વયે નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

હિંમતનગર નગરપાલિકા ફાયર વિભાગ દ્વારા ગ્રાન્ટ ડેમો તથા પ્રાયોગિક કાર્યક્રમો યોજાયા

હિંમતનગર, તા. ૨૧

ગુજરાત સરકારે ફાયર સેફટી એક્ટ-૨૦૧૩ અમલમાં મુક્યો છે, પણ તેનો અમલ કરવામાં અમદાવાદ સત્તામંડળ ઉદાસીનતા

સેવી રહ્યું છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક રીતે અમલવારી કરાવવા છેલ્લા એક સપ્તાહથી આદેશો આપવામાં આવી રહ્યા છે તેવા સંજોગોમાં સાબરકાંઠા જિલ્લામાં આ વિષયનું વ્યવસાયિક શિક્ષણ આપતી સંસ્થા દ્વારા વિશિષ્ટ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાયર એન્ડ સેફટી એન્જીનીયરીંગ, વીરાવાડા (હિંમતનગર) ખાતે બુધવારના રોજ કોલેજના વિદ્યાર્થીઓ તથા સાયંસ કોલેજ અને બીએડ કોલેજના વિદ્યાર્થીઓ માટે નગરપાલિકા ફાયર વિભાગ દ્વારા ગ્રાન્ટ ડેમો તથા પ્રાયોગિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મામલતદાર ડીઝાસ્ટર તથા ડીઝાસ્ટર શાખાના નાયબ મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શોધ અને બચાવ કામગીરીના ઉપ જેટલા પ્રયોગો શીખવવામાં આવ્યા હતા તથા બચાવ કામગીરીના દિલધડક દૃશ્યો ભજવવામાં આવ્યા હતા. પ્રતાપસિંહ દેવડા, ફાયર ઈન્સ્પેક્ટરની ટીમ થકી આ પ્રોગ્રામનું સંચાલન કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળા યોજાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લાના પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળા યોજાનાર છે. જેમાં ૨૯ સપ્ટેમ્બરના રોજ ખેરાલું પ્રાન્ત કક્ષાનો મેળો સંભવિત સતલાસણા ખાતે યોજાશે. ખેરાલું, વડનગર અને સતલાસણા તાલુકાના આ મેળામાં સંસદિય સચિવ ભરતસિહ ડાભી, ૨૦ મુદ્દા કાર્યકારી અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ તેમજ ગુજરાત અનુંસુચિક જાતિ વિકાસ નિગમના ઉપાધ્યક્ષ જીતેન્દ્રભાઈ વાઘેલા ઉપસ્થિત રહેનાર છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ મહેસાણા પ્રાન્ત કક્ષાનો મેળો સંભવિત મહેસાણા ખાતે યોજાશે. મહેસાણા અને ઉંઝા તાલુકાના ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, સંસદિય સચિવ વિભાવરીબેન દવે અને ગુજરાત એગ્રો ઈન્ડ્રસ્ટ્રીઝ કોર્પોરેશનના ચેરમેન બાબુભાઈ જેબલીયા ઉપસ્થિત રહેનાર છે. કડી પ્રાન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ૦૬ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ સંભવિત બેચરાજી ખાતે યોજાનાર છે. કડી, જોટાણા અને બેચરાજી તાલુકાના ગરીબ કલ્યાણ મેળામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોર, તેમજ અનુસુચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન રમેશ સોલંકી ઉપસ્થિત રહેનાર છે. મહેસાણા જિલ્લામાં પ્રાન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળા યોજાશે